# VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

University Campus, Udhna-Magdalla Road, SURAT – 395 007

**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**

યુનિવર્સિટી કેમ્પસ, ઉધના–મગદલ્લા રોડ, સુરત – ૩૯૫ ૦૦૭

**(Accredited B++ equivalent to Five Star status by NAAC)**

✆ : 2227141 to 2227146 ✆ : ૨૨૨૭૧૪૧ થી ૨૨૨૭૧૪૬

**Fax** : (0261) 2227312 **ફેક્સ** : (૦૨૬૧) ૨૨૨૭૩૧૨

**Gram** : VNSGU **તાર** : વીએનએસજીયુ

**E-mail :** sgu@sguernet.in


**ખાનગી** **સિન્ડિકેટની સામાન્ય સભા**

**ફકત સભ્યોની જાણ માટે** **તા. ૨ – ૩ – ૨૦૦૯**

સિન્ડિકેટની સામાન્ય સભા સોમવાર, તા. ૨ – ૩ – ૨૦૦૯ ના રોજ બપોરે ૧ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડમાં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## : કાર્યવાહી :

| ક્રમ | સભ્યોના નામ | તા. ૨ – ૩ – ૨૦૦૯ |
|---|---|---|
| ૧. | ડૉ. બી. એ. પ્રજાપતિ (મા. કુલપતિશ્રી) | હાજર |
| ૨. | ––– | –– |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬. | આ. ડૉ. ભાસ્કર મહેન્દ્ર રાવલ | હાજર |
| ૭. | આ. શ્રી જયંતીલાલ મગનલાલ નાયક | હાજર |
| ૮. | ડૉ. વિનોદરાય બાલુભાઈ પટેલ | હાજર |
| ૯. | ડૉ. શશીકાંતભાઈ જી. શાહ | હાજર |
| ૧૦. | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા | હાજર |
| ૧૧. | શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા | હાજર |
| ૧૨. | શ્રી સંજયકુમાર ઇશ્વરલાલ દેસાઈ | હાજર |
| ૧૩. | શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા | હાજર |
| ૧૪. | શ્રી નૈષધ ભૂપતભાઈ દેસાઈ | હાજર |
| ૧૫. | ડૉ. વિપુલ જમનાદાસ સોમાણી **(સભ્યપદ સ્થગિત)** | –– |
| ૧૬. | આ.ડૉ. ઉપેન્દ્રભાઈ ઠાકોરભાઈ દેસાઈ | હાજર |
| ૧૭. | શ્રી મયૂરભાઈ ચૌહાણ | હાજર |
| ૧૮. | આ. શ્રી યોગેશભાઈ લક્ષ્મીશંકર ભટ્ટ | હાજર |
| ૧૯. | શ્રી દિનેશભાઈ દાસા | હાજર |
| ૨૦. | ડૉ. ઘનશ્યામભાઈ રાવલ | ગેરહાજર |

**૧.** સને ૨૦૦૭–૨૦૦૮ ના વર્ષનાં વાર્ષિક અહેવાલ નો ખરડો તૈયાર કરવા માટે સમિતિની નિમણૂંક અંગે સિન્ડિકેટની સભાએ તેની તા.૨૪ – ૯ – ૨૦૦૮, બાબત ક્રમાંકઃ (૨.૧૪)થી વિચારણા કરી નિયુકિત કરેલ સમિતિએ તૈયાર કરેલ યુનિવર્સિટીના (૪૨) મા વાર્ષિક અહેવાલનો ખરડો મંજૂર કરવા, તેમજ મંજૂર કરેલ પ્રસ્તુત અહેવાલ આગામી સેનેટની વાર્ષિક સભામાં કયા સભ્યશ્રી પાસે રજૂ **(MOVE)** કરાવવો તે અંગે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, સને ૨૦૦૭–૨૦૦૮ના વર્ષનો વાર્ષિક અહેવાલ મંજૂર કરવો અને આગામી સેનેટની વાર્ષિક સભામાં શ્રી દીપકભાઈ આફ્રિકાવાલા પાસે રજૂ **(Move)** કરાવવાનું રાખવું.

**૨.** વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૦૮ – ૨૦૦૯નું સુધારેલ અંદાજપત્ર તથા આગામી નાણાંકીય વર્ષઃ ૨૦૦૯ – ૨૦૧૦નું અંદાજપત્ર પર વિચારણા કરવા બાબત...

(હિસાબી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનું સને ૨૦૦૮–૨૦૦૯નું સુધારેલ અંદાજપત્ર તથા તથા આગામી નાણાંકીય વર્ષઃ ૨૦૦૯–૨૦૧૦નું અંદાજપત્ર મંજૂર કરવું અને આગામી સેનેટની વાર્ષિક સભામાં આ.શ્રી જયંતિલાલ મગનલાલ નાયક પાસે રજૂ (**Move**) કરાવવું.

**અધ્યક્ષશ્રીની સંમતિથી નીચેની બાબતો રજુ કરવામાં આવી હતી.**

**3.** (તા. ૦૨ – ૦૩ – ૨૦૦૯)ની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની સભાની કાર્યવાહીની ભલામણો પૈકી ભલામણ ક્રમાંક : (૧) પર વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

**<u>તા. ૦૨ – ૦૩ – ૨૦૦૯ની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સભાની ભલામણ ક્રમાંકઃ (૧)</u>**

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૧મી પંચવર્ષીય યોજના હેઠળ બંધાનાર વુમન્સ હોસ્ટેલના મળેલ ટેન્ડરના તુલનાત્મક પત્રક પર ચર્ચા વિચારણા કરતા પ્રથમ, દ્વિતિય તથા તૃતિય લોએસ્ટ ટેન્ડર ભરનાર કોન્ટ્રાકટરોને સમિતિ સમક્ષ રૂબરૂમાં વારાફરતી બોલાવવામાં આવ્યા હતા જે પૈકીના પ્રથમ લોએસ્ટ મે. વ્રજ કન્સ્ટ્રકશન તેમણે ભરેલા ભાવોમાં ૨% ઘટાડો કરવા સંમતિપત્ર આપ્યું છે. દ્વિતિય લોએસ્ટ મે. શ્રી ઈન્ફ્રાકોન પ્રા. લિ., અમદાવાદ તેમણે ભરેલા ભાવોમાં ૪.૨૮૪% ઘટાડો કરવા સંમતિપત્ર આપ્યો છે અને તૃતિય લોએસ્ટ ટેન્ડર ભરનાર મે. હિરેન બી. એન્જીનીયર, સુરત કુલ રૂા. ૧,૫૧,૬૨,૫૦૯.૫૦ પૈસાના તેમણે ભરેલા ટેન્ડરમાં ૭.૭% ઘટાડો કરવા (રૂા. ૧૧,૬૭,૫૧૩/– ઓછા) સંમતિપત્ર આપ્યો હોઈ તેમનું ઘટાડેલા ભાવનું કુલ રૂા. ૧,૩૯,૯૪,૯૯૬.૨૬ પૈસાનું ટેન્ડર સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

ઉપરોકત ત્રણ કોન્ટ્રાકટરો સાથે થયેલ Negotiation બાદનું તેઓ દ્વારા ઘટાડેલા ભાવનું તુલનાત્મકપત્રક તથા તેઓના સંમતિપત્રની નકલ સામેલ છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુ.જી.સી. તરફથી મંજૂર કરવામાં આવેલ રૂા. ૭૫ લાખની ગ્રાંન્ટ ઉપરાંતનો વધારાનો ખર્ચ હાલ સેન્ટ્રલ ડેવલપમેન્ટ ફંડમાંથી કરવો અને યુ.જી.સી. પાસે વધારાની ગ્રાંન્ટ મેળવવા પ્રયત્નો કરવા.

:: આથી ઠરાવવામાં આવે છે કે, (તા. ૦૨ – ૦૩ – ૨૦૦૯)ની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની સભાની કાર્યવાહીની ભલામણો પૈકી ભલામણ ક્રમાંક : (૧)નો યથાવત સ્વીકાર કરવો.

યુનિવર્સિટી કાર્યાલય, સુરત.
ક્રમાંકઃ એસ – ૧ (૧)/૨૮૮૪/ ૨૦૦૯. **કુલસચિવ**
તા. ૨૧–૩–૨૦૦૯.
પ્રતિ,
સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ......